નડિયાદમાં ભાજપમાં પંકજભાઈ વધુ એક વાર રીપીટ : માતરમાં કેસરીસિંહની ટીકીટ કપાઈ

(પ્રતિનિધિ) નડિયાદ, ખેડા જિલ્લાની ૬ વિધાનસભા પૈકી ૫ વિધાનસભાની બેઠકો માટે ભાજપે પોતાના ઉમેદવારો જાહેર કરી દીધા છે ત્યારે તેમના સમર્થકોમા ખુશીની લાગણી ઉઠી છે નડિયાદમાં વધુ એકવાર ભાજપે પંકજભાઈ દેસાઈ ને રિપીટ કર્યા છે જ્યારે માતર માં ભાજપના સીટીંગ ધારાસભ્ય કેસરી ને કાપી નવા ચહેરાને ટિકિટ આપતા આ બેઠક માટે હવે શું થશે? ભાજપ ગુમાવશે કે જાળવી રાખશે એ પ્રશ્ન મહત્વનો બન્યો છે. હજુ મહેમદાવાદ બેઠક માટે ભાજપ એ ઉમેદવાર જાહેર ન કરી સસ્પેન્ડ યથાવત રાખ્યો છે

ભાજપે આજે જે પ્રથમ યાદી બહાર પાડી છે તેમાં જિલ્લાની ૧૧૫ માતર બેઠક પરથી કલ્પેશભાઈ આશાભાઈ પરમાર, ૧૧૬ નડિયાદ વિધાનસભા બેઠક પરથી પંકજભાઈ વિનુભાઈ દેસાઈ, ૧૧૮ મહુધા વિધાનસભા બેઠક પરથી સંજયસિંહ વિજયસિંહ મહીડા, ૧૧૯ ઠાસરા વિધાનસભા બેઠક પરથી યોગેન્દ્રસિંહ રામસિંહ પરમાર અને ૧૨૦ કપડવંજ વિધાનસભા બેઠક પરથી રાજેશભાઈ મગનભાઈ ઝાલાની પસંદગી થઈ છે. ફકત મહેમદાવાદ વિધાનસભા બેઠકના ઉમેદવાર જાહેર કરવાના બાકી છે. નોંધનીય છે કે જિલ્લાની આ ૬ વિધાનસભાની બેઠકો માટે ૧૦૯ દાવેદારોએ દાવેદારી નોંધાવી હતી. જેમાંથી પની પસંદગી પર ભાજપે મહોર મારી છે.

નડિયાદ વિધાનસભા : ૧૧૬ નડિયાદ વિધાનસભા બેઠક પરથી પંકજભાઈ દેસાઈ રીપીટ થતાં તેમના ટેકેદારો રાજીના રેડ થઈ ગયા છે. સતત ૫ ટર્મથી પંકજભાઈ દેસાઈ અહીંયા કમળના નિશાન પર જીત મેળવી રહ્યા છે ત્યારે આ છઠ્ઠી ટર્મમા રીપીટ કરવામાં આવ્યા છે. પંકજભાઈ દેસાઈ પોતે વિધાનસભામાં સતત મુખ્ય દંડક તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેઓ મ.જી.ઝ (રસાયણશાસ્ત્ર) સુધીનો અભ્યાસ ધરાવે છે. વ્યવસાયે ખેતી અને વેપાર સાથે સંકળાયેલા છે. રાજકીય કારકિર્દી જોઈએ તો, દશમી ગુજરાત વિધાનસભા ૧૯૯૯-૨૦૦૨, અગિયારમી ગુજરાત વિધાનસભા ૨૦૦૨-૨૦૦૭, બારમી ગુજરાત વિધાનસભા ૨૦૦૭-૨૦૧૨, સરકારના મુખ્યદંડક ૨૫ ઓગસ્ટ ૨૦૧૦થી ૨૦ ડિસેમ્બર ૨૦૧૨, તેરમી ગુજરાત વિધાનસભા સભ્યપદે ચૂંટાયા (ચોથી ટર્મ), બારમી અને તેરમી ગુજરાત વિધાનસભામાં ૨૫ ઓગષ્ટ, ૨૦૧૦થી ૨૦મી ડિસેમ્બર ૨૦૧૭ સુધી મુખ્ય દંડક પદે તેમજ ચૌદમી ગુજરાત વિધાનસભામાં ૨૬મી ડિસેમ્બર ૨૦૧૭થી મુખ્ય દંડક પદે કાર્યરત. ભાજપમાં પંકજભાઈ દેસાઈની સાથે નડિયાદ વિધાનસભા બેઠક પરથી આ વખતે ૧૧ વ્યકિતઓ લોબીમાં હતા. પાટીદારોનુ વર્ચસ્વ રહી ચૂકેલી આ બેઠક પર સતત કમળ ખીલતું રહ્યું છે.

મહુધા વિધાનસભા : મહુધા વિધાનસભા બેઠક પરથી ભાજપે ક્ષત્રિય ઉમેદવાર સંજયસિંહ વિજયસિંહ મહિડાને ટીકીટ આપી છે. તેઓ ઘણા વર્ષોથી રાજકીય ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવી છે. સંજયસિંહ મહિડા પોતે હાલ નડિયાદ તાલુકા પંચાયતના પ્રમુખ પદે કાર્યરત છે. અહિયાં ક્ષત્રિયોનું વર્ચસ્વ હોવાથી ભાજપે સારી રણનીતિ અપનાવી છે. જોકે ગત ટમમા પણ ભાજપે અહીયા ક્ષત્રિય ઉમેદવાર પંસદગ કર્યો હતો આમ છતાં પણ ભાજપ અહીયા આ બેઠક મેળવી શકી નહોતી. અહીયા ભાજપની લોબીમાં દાવેદારો માં ૨૩ વ્યકિતઓ હતા જેમાંથી સંજયભાઈ મહીડાની પસંદગી થઈ છે.

ઠાસરા વિધાનસભા : ઠાસરા વિધાનસભામા બેઠક પર ભાજપે યુવા ઉમેદવારની પસંદગી કરી છે. જેમાં અહીયાના પીઢ અગ્રણી અને અમૂલ ડેરીના ચેરમેન એવા રામસિંહ પરમારના પુત્ર યોગેન્દ્રસિંહને આ બેઠક પરથી ટીકીટ આપી છે. યોગેન્દ્રસિંહ પોતે અગાઉ તાલુકા પંચાયત પ્રમુખ રહી ચૂકયા છે અને હાલ ઠાસરા એપીએમસીના ચેરમેન તથા કેડિસીસી બેંક નડિયાદના ડીરેક્ટ પદે છે. અહીંયાથી યુવાનને ટીકીટ આપતા તેમના સમર્થકોમા ખુશીની લહેર છવાઈ છે. મહત્વનુ છે કે તેમની સાથે ૧૯ વ્યકિતઓ લોબીમા હતાં જેમાંથી યોગેન્દ્રસિહની પસંદગી થઈ છે. આ બેઠક પણ ક્ષત્રિયોનુ જોર છે.

કપડવંજ વિધાનસભા : વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટી કપડવંજ વિધાનસભાની જો વાત કરીએ તો ભાજપે અહીયા કોંગ્રેસમાથી પક્ષ પલટો કરી આવેલા રાજેશભાઈ મગનભાઈ ઝાલાને ટીકીટ આપી છે. તેમની રાજકીય કારકિર્દી જોઈએ તો તેઓ અગાઉ કોંગ્રેસ પક્ષમા હતા અને જિલ્લા પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી ચૂક્યા છે. અહીયા તેમની સાથે ૩૦ લોકો લોબીમાં હતા અને આમ આ વખતે ભાજપે તેમની કદર કરી કપડવંજ વિધાનસભા બેઠક માટે પસંદગી કરી છે.

માતર વિધાનસભા : માતર બેઠક પરથી નવો ચહેરો ભાજપે ઉતાર્યો છે. છેલ્લા કેટલાય સમયથી ભાજપમાં વિવાદીત રહી ચૂકેલા અહીયાના ધારાસભ્ય કેસરીસિંહ સોલંકીની આ વિધાનસભામા ટીકીટ કપાઈ ચૂકી છે. ભાજપે અહીયા માતર તાલુકાના ભલાડા ગામના પૂર્વ સરપંચ અને પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય રહી ચૂકેલા કલ્પેશભાઈ પરમારને ટીકીટ આપી છે. એક સામાન્ય વ્યક્તિની પસંદગી થતાં તેમના ટેકેદારોમા ખુશીની લહેર ઉઠી છે. અહીયા તેમની સાથે ૧૯ વ્યકિતઓ લોબીમાં હતા જેમાંથી કલ્પેશભાઈ પરમારની પસંદગી થઈ છે. મહત્વનું છે કે આ બેઠક ફર ક્ષત્રિયનો દબદબો રહ્યો છે.

માતરમાં સીટીંગ ધારાસભ્યને પડતા મુકાયા : ભાજપે આજે જાહેર કરેલી પ્રથમ યાદીમા માતર વિધાનસભા બેઠક પરથી કેસરીસિંહ સોલંકી કપાઈ ચૂક્યા છે. તેઓ અવારનવાર ભાજપ પક્ષમાં તથા અન્ય રીતે વિવાદમાં રહી ચૂક્યા હતા. સતત બે ટર્મથી તેઓ આ બેઠક પરથી જીતતા આવ્યા હતા આ વખતે પણ તેમણે દાવેદારી નોંધાવી હતી પરંતુ પક્ષે નવા ચહેરો ઉતારી દીધો છે

આયુષ્યની સદી ફટકારનારા શતાયુ મતદાર સવિતાબા મતદાન કરવા ભારે ઉત્સુક

(માહિતી) વડોદરા, વડોદરા શહેર અને જિલ્લામાં યોજાનારી વિધાનસભાની બેઠકોની સામાન્ય ચૂંટણીને લઈ સૌ મતદારો મતદાન કરવા માટે ભારે ઉત્સુક છે. એક તરફ યુવા પેઢી લોકશાહીના આ મહાઉત્સવને મનાવવા માટે થનગની રહી છે તો બીજી તરફ શતાયુ મતદારો પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઉત્સાહ દાખવી રહ્યા છે. આવા એક શતાયુ મતદાર છે સવિતા બા ! આયુષ્યની સેન્ચુયરી વટાવી દીધા બાદ તેઓ આ વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કરવા માટે જવાના છે.

વડોદરા શહેરમાં રહેતા ૧૦૧ વર્ષના સવિતાબેન શાહનો લોકશાહીનો મહાઉત્સવ મનાવવા યુવાનોને શરમાવે એવો ઉત્સાહ

૧૯૨૨ના ઓકટોબર મહિનાની ૬ તારીખે ભરૂચ જિલ્લાના આમોદમાં જન્મેલા અને ૧૦૦ વર્ષની ઉંમરને આવજો કહીને ૧૦૧ માં વર્ષમાં પ્રવેશેલા સવિતાબેન મંગળદાસ શાહે પોતાનું બાળપણ આમોદમાં વિતાવ્યું હતું. સવિતા બાએ ધોરણ ૭ સુધી જ અભ્યાસ કર્યો હોવા છતાં તેઓ ખુબ ઉત્સાહી, કોઈ ને કોઈ કામમાં વ્યસ્ત રહે છે. ભરતગુંથણ એ તેમનું ગમતું કામ હતું. પોતાનું કામ જાતે જ કરવું એમ કહેનાર સવિતાબેન આજેય શાકભાજી સમારવું, સમાચારપત્ર વાંચવું, કસરત કરવી અન્યને કોઈ ને કોઈ પ્રકારે મદદરૂપ બનવાની શુભ ભાવના રાખનાર સવિતાબાને પરિવારમાં ૨ દીકરીઓ છે. તેમના પતિનું ૭૦ વર્ષ પહેલાં અવસાન થયું હોવાથી તેઓ ૧૯૭૦ થી તેમની દીકરીના ઘરે વડોદરા શિફ્ટ થઇ ગયા હતા.

સવિતાબાને તેમની ફિટનેસ બાબતે પૂછવામાં આવતાં તેઓ જણાવે છે કે,જેમ બને તેમ ઘરનું અને સાદું ભોજન ગ્રહણ કરવું. અત્યારે તેઓ આખા દિવસની દિનચર્યામાં ફકત ૧ ભાખરી, ૧ રોટલી, શ્રીખંડ, આઈસ્ક્રીમ, મગની દાળ આરોગે છે. સવિતાબાને મીઠી વાનગીઓમાં શ્રીખંડ, કાજુકતરી અને ટોપરાપાક ભાવે છે. હા, અહીં એક વાત કહેવી ખૂટે કે મીઠી વાનગીઓ ખાવા છતાંય તેમને ડાયાબિટીસ કે અન્ય કોઈપણ પ્રકારનો રોગ નખમાંય નથી. તેઓ આજે પણ દરરોજ સવારે વહેલા ઉઠીને પોતાનાથી બનતી બધીય કસરત કરે છે, અને વહેલા સુઈ જવાનો આગ્રહ રાખે છે. સવારના પહોરમાં એઓ ફકત અને ફકત ચા પીવે છે. દરરોજ નાના મોટા કોઈપણ કામમાં વ્યસ્ત રહેવું અને કસરત કરવી એ તેમનો જીવનમંત્ર બની ગયો છે.

સવિતાબા આજેય સ્વાસ્થ્યની બાબતમાં અત્યારના ૪૦ થી વધુની ઉંમરનાયને શરમાવે તેવા એક્ટિવ તેમજ પોતાનું દરેક કામ જાતે જ કરે છે. અત્યાર સુધી સવિતા બા એ ક્યારેય બીમાર પડવાનું નામ નથી લીધું. ડૉક્ટર પણ એમની આ ફિટનેસ થી ચકિત છે. ઉંમરમાં સદી વટાવ્યા પછી પણ એમના દાંત હજીય છે જેથી કરીને તેઓ રોટલી કે ભાખરી આજેય ખાવામાં - ચાવવામાં સક્ષમ છે. આજના સમયમાં જયારે નાનાં બાળકોનેય આંખના ચશ્મા આવી જતા હોય છે જયારે સવિતાબાની આંખો હજીપણ સમાચારપત્ર વાંચી શકે છે એટલી સક્ષમ છે તો કાન પણ એટલા સતેજ !

સવિતાબા તેમનો બાળપણનો એક કિસ્સો સંભળાવતાં આનંદિત થઈ ગયા અને કહ્યું કે, હું જયારે ભરૂચમાં ધોરણ ૪ માં ભણતી હતી ત્યારે ગાંધીજી અમારી સ્કૂલની મૂલાકાતે આવ્યા હતા. ગાંધીજીએ મારી બાજુમાં બેસીને મને પૂછ્યું હતું કે, ×કેવા કપડાં પહેરવાં? × તો મેં કીધું'તું કે ખાદીના. ત્યારે તેઓએ ખુશ થઈને મારી પીઠ થાબડીને મને શાબાશી આપી હતી.અને બધાંએ મારા માટે તાળીઓ પાડી હતી.×

વધુમાં તેઓ જણાવે છે કે, આ પ્રસંગ પછી મારી બેનપણીઓ પણ કહેવા લાગી કે અમારો તો તારી આગળ કોઈ ક્લાસ નઈ. તને તો ગાંધી બાપુએ શાબાશી આપી. આ ઉપરાંત ભરૂચના ગોલ્ડન બ્રિજના ઓપનિંગ કાર્યક્રમ વખતે સવિતાબાએ તે સમયે ગરબા કર્યા હતા. સવિતા બાએ કહ્યું કે, દાંડિયાત્રા પણ અમે રહેતા ત્યાંથી એટલે કે દારૂપટેલની ખડકી પાસેથી પસાર થઈ હતી.

સવિતાબાએ અત્યાર સુધીની દરેક ચૂંટણીમાં સળંગ પોતાનો મત આપ્યો છે.આ વખતે ૨૦૨૨ ની વિધાનસભાની ચૂંટણીમાં પણ તેઓ પોતાનો અમૂલ્ય મત આપવા માટે તૈયારી બતાવે છે.ચૂંટણી બાબતે તેઓ કહે છે કે,'મત તો દરેકે આપવો જોઈએ. એ આપણી ફરજ છે.'

ઉમરગામમાં રમણભાઈ પાટકરને રીપીટ કરાતા ભાજપ સમર્થકોમાં ખુશીનો માહોલ

(પ્રતિનિધિ) ઉમરગામ, ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં થતા જ વિવિધ રાજકીય પક્ષોમાં ટિકિટ મેળવવા માટે હોડ જામી હતી ઉમરગામ તાલુકાની ૧૮૨ વિધાનસભા સીટ માટે પણ ભારતીય જનતા પાર્ટીમાં ૧૮ જેટલા ટિકિટવાંછુઓએ દાવેદારી નોંધાવી હતી ગઈકાલ સુધી પ્રજામાં ચાલતી અટકળો મુજબ કોને ટિકિટની ફાળવણી થશે તે માટે અવઢવ માં હતા પરંતુ પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મોડી રાત્રે પ્રદેશમાંથી રમણભાઈ પાટકર ઉપર ફોન આવ્યો કે તમારી ટિકિટ ફાઈનલ થઈ છે આ વાત વાયુવેગે સમર્થકો, ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓમાં ફેલાતા વહેલી સવારથી જ રમણભાઈ પાટકરના નિવાસ્થાને શુભેચ્છકો સમર્થકોની લાઈનો લાગી જવા પામી હતી. ખૂબ જ ઉમળકાભેર ગુલદસ્તા આપી રમણભાઈ પાટકરને ફરી જંગી બહુમતીથી વિજેતા થાઓ એવી શુભકામનાઓ પાઠવી હતી.

(તસ્વીરઃ અશોક જોષી)

રમણભાઈ પાટકરને શુભેચ્છા પાઠવવા વહેલી સવારથી કાર્યકરો, સમર્થકો, વેપારીઓ ઉદ્યોગપતિઓ ઉમટી પડ્યા

આ પ્રસંગે શ્રી રમણભાઈ પાટકરે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા, અમિતભાઈ શાહ, પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી મોવડી મંડળ તેમજ જિલ્લા અને તાલુકા ના નેતૃત્વનો આભાર વ્યક્ત કર્યો હતો અને તેઓએ જણાવ્યું હતું કે મારામાં પ્રજાએ અને પાર્ટી એ મુકેલા વિશ્વાસ માં હું ખરો ઉતરીશ અને મતદારો કાર્યકર્તાઓ ના સાથ સહકારથી આ વખતે જંગી બહુમતીથી વિજય પ્રાપ્ત કરીશ એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો .અત્રે ઉલ્લેખનીય છે કે રમણભાઈ પાટકર સાતમી વાર ભાજપના ૧૮૨ વિધાનસભાના ઉમેદવાર તરીકે પસંદગી પામ્યા છે અપવાદરૂપ ૨૦૦૨માં ૭૩ જેટલા નજીવા મતોથી તેઓની હાર થઈ હતી પાંચ વાર જંગી બહુમતીથી તેઓ વિજય બન્યા હતા આ પ્રસંગે ઉમરગામ વિધાનસભાના ચૂંટણી ઈન્ચાર્જ અને વલસાડ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના અધ્યક્ષ મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે પાર્ટીના શીર્ષ નેતૃત્વએ રમણભાઈ પાટકર જેવા સિનિયર નેતા ઉપર પસંદગી ઉતારી છે અને રમણભાઈ પાટકરની લોક ચાહના ખૂબ જ વધારે છે અને તેઓ નાનામાં નાના કાર્યકરો સાથે સીધી રીતે જોડાયેલા છે જેથી આ વખતે ખૂબ જ જંગી બહુમતીથી તેઓનો વિજય પ્રાપ્ત થશે તેવી આશા વ્યક્ત કરી હતી ઉમરગામ તાલુકા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ દિલીપભાઈ ભંડારી એ પણ જણાવ્યું હતું કે ઉમરગામ તાલુકામાં ભારતીય જનતા પાર્ટીનું સંગઠન ખૂબ જ મજબૂત છે અને રમણભાઈ પાટકર દ્વારા ઉમરગામ તાલુકામાં લોકોના પ્રશ્નોને વાચા આપી ખૂબ જ વિકાસના કામો કર્યા છે પાર્ટી દ્વારા તેઓની ફરીથી પસંદગી કરવામાં આવી છે જેથી ગયા વખતની લીડ કરતા પણ ડબલ લીડ આ વખતે રમણભાઈ પાટકર ને મળશે તેમાં શંકા ને કોઈ સ્થાન નથી આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય દીપકભાઈ મિસ્ત્રી તેમજ અન્ય પદાધિકારીઓ વિવિધ ગામોના સરપંચો ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આખા દિવસ દરમ્યાન સુભેછાઓ નો દોર ચાલુ રહ્યો હતો.

ઓલપાડ તાલુકા સહિત જિલ્લાભરની શાળાઓ પુનઃ ધમધમતી થઈ

(પ્રતિનિધિ) ગોધરા, રાજયભરની શૈક્ષણિક સંસ્થાઓમાં ૨૧ દિવસનું દિવાળી વેકેશન બુધવારે પૂર્ણ થતાં ગુરુવારથી શાળાઓમાં બીજા સત્રનો પ્રારંભ થયો. આ સાથે ઓલપાડ તાલુકા સહિત જિલ્લાભરની શાળાઓ ધમધમતી થઈ છે. નવા સત્રનાં પ્રારંભે તાલુકાની શાળાઓમાં બાળકોનું પુષ્પગુચ્છ તેમજ ચોકલેટ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાઓમાં પ્રાર્થનાસભા દરમિયાન મોરબી ખાતેનાં ઝુલતા પુલની ગોઝારી હોનારતનાં મૃતકોનાં માનમાં બે મિનિટ મૌન પાળવામાં આવ્યું હતું.

૨૧ દિવસનું વેકેશન પૂર્ણ થતાં શાળા સંકુલોમાં બાળકોનો કિલ્લોલ સાંભળવા મળી રહ્યો છે. દિવાળીની મોજ માણ્યા બાદ વિદ્યાર્થીઓ શાળામાં પહોંચતાં પુનઃ તેઓ રાબેતા મુજબનાં શિક્ષણ કાર્યમાં જોતરાઈ જશે. ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવભાઈ પટેલ, મહામંત્રી મહેન્દ્રસિંહ ઠાકોર તથા બી.આર.સી. કો-ઓર્ડીનેટર બ્રિજેશ પટેલે સમસ્ત તાલુકાનાં બાળકો તેમજ શિક્ષકોને નવા શૈક્ષણિક સત્રની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. એમ તાલુકાનાં પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

મહારાષ્ટ્રની ૭૭૫૦ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ૧૮ ડિસેમ્બરે મતદાન

(એજન્સી) મુંબઇ, લાંબી રાહ જોયા બાદ મહારાષ્ટ્રની ૭,૭૫૦ ગ્રામ પંચાયતોની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી. રાજય ચૂંટણી પંચે આ જાહેરાત કરી છે. મહારાષ્ટ્રમાં સત્તા પરિવર્તન બાદ ગ્રામ્ય સ્તરે આ પ્રથમ મોટી ચૂંટણી છે. તમામ ગ્રામ પંચાયતો માટે ૧૮મી ડિસેમ્બરે મતદાન થવાનું છે. ૨૦ ડિસેમ્બરે મતગણતરી થશે. જે ૭,૭૫૦ ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર કરવામાં આવી છે તેમાં કોલ્હાપુર જિલ્લાની ૪૭૫ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે. આ માટે મતદાર યાદી પણ બહાર પાડવામાં આવી છે. ૩૧ મે ૨૦૨૨ સુધીની યાદી સ્વીકારવામાં આવી છે. કોલ્હાપુર જિલ્લામાં ઓક્ટોબર મહિનામાં ૧, નવેમ્બર મહિનામાં ૪૨૯ અને ડિસેમ્બર મહિનામાં ૪૫ ગ્રામ પંચાયતોનો કાર્યકાળ પૂરો થશે, કાર્યકાળ ખત્મ થતાં જ અહીં વહીવટદારોની નિમણૂક કરવામાં આવી છે.

કોલ્હાપુરના ૧૨ તાલુકાઓમાં જ્યાં ચૂંટણી જાહેર કરવામાં આવી છે, ત્યાં કરવીરમાં ૫૩, કાગલમાં ૨૬, પન્હાલામાં ૫૦ અને શાહુવાડીમાં ૪૯ ગ્રામ પંચાયતો છે. આ ઉપરાંત હાથકણંગલેમાં ૩૯, શિરોલમાં ૧૭, રાધાનગરીમાં ૬૬, ગગનબાવડામાં ૨૧, ગઢિંગલાજમાં ૩૪, આજરામાં ૩૬, ભુદરગઢમાં ૪૪ અને ચાંદગઢમાં ૪૦ ગ્રામ પંચાયત છે.

મહારાષ્ટ્રમાં સત્તા પરિવર્તન બાદ ગ્રામ્ય સ્તરે આ પ્રથમ આટલી મોટી ચૂંટણી થવા જઈ રહી છે. જો કે, આ ચૂંટણીઓમાં ખૂબ જ સ્થાનિક મુદ્દાઓ ઉઠાવવામાં આવે છે. તે સ્થાનિક મુદ્દાઓને આધારે ચૂંટણી લડવામાં આવે છે. વાસ્તવમાં આવી ચૂંટણીઓમાં પક્ષોને બદલે ઉમેદવારોની પોતાની ઈમેજ અને સંપર્કો ઉપયોગી થાય છે, છતાં રાજ્યના મતદારોના મનને સમજવા અને માહોલ સમજવા માટે આવી ચૂંટણીઓ થર્મોમીટર ગણાય છે. આવી સ્થિતિમાં કોઈપણ પક્ષ આ ચૂંટણીને હળવાશથી લેવી તે ખોટુ સાબિત થઈ શકે છે.

એક મહિનો પણ હજુ પસાર નથી થયો તે પહેલા ૧,૦૬૫ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ હતી. તેમાંથી શાસક શિંદે અને ભાજપ જૂથને માત્ર ૩૫૨ બેઠક પર જ જીત મળી હતી. આ રીતે સ્પષ્ટ થઈ ગયું હતું કે પરત ફરી રહેલા ચોમાસાના કહેર બાદ સરકારે ખેડૂતોને રાહત આપવા માટે જેટલું કામ કર્યું છે, તેનાથી ખેડૂતો સંતુષ્ટ નથી.

હિમાચલમાં બીજેપી સત્તા ગુમાવી રહી છે? ઓપિનિયન પોલ

(એજન્સી) શિમલા, હાલ દેશમાં ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચૂંટણીને લઈને રાજનીતિ તેજ છે. ગુજરાતમાં હજુ ચૂંટણીને સમય છે તો બીજી તરફ હિમાલચ પ્રદેશમાં ૧૨ તારીખની મતદાન શરૂ થશે. મતદાનને ગણતરીના દિવસો બાકી છે ત્યારે હિમાચલમાંથી ઓપિનિયન પોલના ચૌકાવનારા આંકડા સામે આવ્યા છે. વોટીંગને માત્ર બે દિવસ બાકી છે ત્યારે હિમાચલ પ્રદેશને લઈને એબીસી-સી વોટરનો લેટેસ્ટ સર્વે સામે આવ્યો છે. આ સર્વેના અનુમાન મુજબ, છેલ્લે છેલ્લે મામલો ૫૦-૫૦ થઈ ગયો છે અને ભાજપ અને કોંગ્રેસ બંને મોટી ટક્કર જોવા મળી રહી છે. આ સર્વેના આંકડા બીજેપીની ઉંઘ ઉડાડી શકે છે. એબીપી-સી વોટર ઓપિનિયન પોલના આંકડા પર નજર કરીએ તો, હિમાચલમાં ભાજપને ૩૧-૩૯ બેઠકો મળવાનું અનુમાન છે.

બનાવટી ચલણની સમસ્યાનું સમાધાન કરવા ભારત માટે પોલીમર ચલણ આવશ્યક છેઃ સીઆઇઇયુ

નવી દિલ્હી, ૫ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવાનો ઉદ્દેશ ધરાવતા ભારતે પોતાનાં ચલણની દ્રષ્ટિએ આત્મનિર્ભર બનવું જોઈએ કે બનવું પડશે. આ માટે પોલીમરની ચલણી બેંકનોટ તરફ વળવું તાર્કિક પગલું બની શકે છે, કારણ કે એનાથી બનાવટી ચલણ બેંકનોટોની સમસ્યાનું સમાધાન કરવામાં મદદ મળશે અને લાંબા ગાળે આ વધારે વાજબી વિકલ્પ પણ છે.

સરકાર દર વર્ષે ફાટી ગયેલા, ગંદી, વળી ગયેલી કે અસ્પષ્ટ થઈ ગયેલી ચલણી નોટો બદલવા લાખો નવી ચલણ બેંકનોટ પ્રિન્ટ કરે છે. પેપર પર પ્રિન્ટ થતી ચલણી બેંકનોટ તેમાં ઉપયોગ થતી સામગ્રીની મર્યાદાઓને કારણે ટૂંકા ગાળા માટે સર્કયુલેશનમાં રહે છે.

એ જ રીતે, આપણો દેશ બનાવટી ચલણી નોટોની સમસ્યાનો સતત સામનો કરે છે, જે આર્થિક સુરક્ષા માટે ગંભીર જોખમ છે. આરબીઆઈના તાજેતરના વાર્ષિક અહેવાલના વિશ્લેષણમાં દર્શાવવામાં આવ્યું છે કે, અગાઉના નાણાકીય વર્ષની સરખામણીમાં રૂ. ૧૦, રૂ. ૨૦, રૂ. ૨૦૦, રૂ. ૫૦૦ અને રૂ. ૨,૦૦૦ના મૂલ્યોની બનાવટી ચલણી નોટોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન બેંકો અને આરબીઆઈએ કુલ ૨,૩૦,૯૭૧ બનાવટી ચલણી નોટોની ઓળખ કરી હતી.

આ પાસાંઓને આવરી લઈને નવી દિલ્હી-સ્થિત સ્વતંત્ર સંશોધનલક્ષી થિંક-ટેંક-કાઉન્સિલ ફોર ઈન્ટરનેશનલ ઈકોનોમિક અંડરસ્ટેન્ડિંગ (સીઆઈઈયુ)એ "મેકિંગ ઈન્ડિયા આત્મનિર્ભર ઈન કાઉન્ટરફેઈટ પ્રૂફ કરન્સી" નામનું એક સંશોધનપત્ર જાહેર કર્યું છે. તેમાં ભારતમાં પોલીમર ચલણ અને એના સંભવિત ફાયદાની પ્રસ્તુતિનું વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે.

ભારત પોલીમર બેંકનોટ પ્રસ્તુત કરીને બનાવટી ચલણની સમસ્યાનું સમાધાન કરી શકે છે અને સ્વદેશી ટેકનોલોજી વિકસાવી શકે છે

પોલીમર ચલણના મુખ્ય પાસાંઓ પર રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, "ભારતની રાષ્ટ્રીય આર્થિક સુરક્ષા અને ચલણી બેંકનોટ જે ભૂમિકા ભજવે છે એને ધ્યાનમાં રાખીને સરકારે દુનિયાના અન્ય ઘણા દેશોની જેમ પોલીમર બેંકનોટ પ્રસ્તુત કરવાની શક્યતાનું મૂલ્યાંકન કરવું મહત્વપૂર્ણ છે."

ભારત દુનિયામાં BOPP ફિલ્મ્સનો બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે, જે પોલીમર ફિલ્મ માટે સબસ્ટ્રેટ સ્વરૂપો ધરાવે છે, જેનો ઉપયોગ ચલણ માટે થાય છે. ભારતીય પોલીમર ઉદ્યોગ હાઈ-ટેક ફિલ્મ્સ ઓફર કરવા વિકસિત ક્ષમતાઓ ધરાવે છે એ બાબતનો વિચાર કરીને સરકારે વિચાર કરવો જોઈએ કે, ભારતીય બજારમાં સ્વદેશી જરૂરિયાતો પૂર્ણ કરવાની સંભવિતતા ધરાવી શકે એવી કંપનીઓ કાર્યરત છે કે નહીં. એનો અર્થ એ છે કે, ચલણ બનાવવા માટે જરૂરી કાગળને સુરક્ષિત રાખવા માટે ભવિષ્યમાં થનાર મૂડીગત ખર્ચને ઘણી હદે બચાવી શકાય છે. જો સરકાર દ્વારા ઉચિત પ્રોત્સાહન આપવામાં આવે, તો ભારત પણ દુનિયાના અન્ય દેશોને પોલીમર ચલણ નોટની નિકાસ કરવા માટે મોટું કેન્દ્ર બનવાની સંભવિતતા કે ક્ષમતા ધરાવે છે.

પોલીમર નોટો વધારે ઊર્જાદક્ષ ઉત્પાદન પ્રક્રિયાનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે, જેના પરિણામે પર્યાવરણ પર ઓછી અસર થાય છે. બિન-છિદ્રાળુ સામગ્રી હોવાથી તમામ પ્રકારના હવામાન માટે અનુકૂળ પોલીમર નોટ ઊંચા તાપમાન અને ઠંડા તાપમાન એમ બંનેમાં ટકવાની ક્ષમતા ધરાવે છે. પોલીમર નોટની પ્રસ્તુતિથી આ દેશોને મહત્વપૂર્ણ ફાયદા થયા છે, જેમાં બનાવટી નોટોમાં ઘટાડો, નોટની લાંબી ટકાઉક્ષમતા અને પર્યાવરણ પર ઓછામાં ઓછી અસર સામેલ છે.

પોલીમરની પ્રસ્તુતિ ભારત માટે નોંધપાત્ર રીતે ફાયદારૂપ થઈ શકે છે. આ "મેક ઈન ઈન્ડિયા" પહેલમાં પ્રદાન કરશે, પેપર પર આયાતની આપણી નિર્ભરતા ઘટાડશે અને ભારતને બેંકનોટ ટેકનોલોજી માટે ટેકનોલોજીના કેન્દ્ર તરીકે વિકસાવશે.

એન.એલ. રૂરલ ડેવ. ફંડ અને રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા

પાણી વ્યવસ્થાપન જાગૃતિ કાર્યશાળા યોજાઇ

(તસ્વીરઃ હસમુખ પંચાલ, ખેડબ્રહ્મા)

(પ્રતિનિધિ) ખેડબ્રહ્મા, નરોતમ લાલભાઈ રૂરલ ડેવલપમેન્ટ ફંડ અને રિલાયન્સ ફાઉન્ડેશનના સંયુક્ત આયોજનથી અને વોટરફોરમના અધ્યક્ષ સ્થાને પાણી વ્યવસ્થા પણ જાગૃતિની કાર્યશાળા વડાલી મુકામે તારીખ ૮-૧૧-૨૦૨૨ ના રોજ યોજાઈ.

આ કાર્યશાળામાં વડાલી ખેડબ્રહ્મા અને ઈડર તાલુકાના ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ અને સક્રિય આગેવાનો તથા સંસ્થાના સ્ટાફ મળીને કુલ ૧૨૦ લોકોએ ભાગ લીધ